

# ગીતા માત્ર ધર્મ ગ્રંથ નહીં જીવનગ્રંથ છે.

પ્રો.ક્રિષ્નાબેન સાંડપા
ગુજરાતી વિભાગ
ડી.એન.પી.આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ.ડીસા

"Gita is not the Bible of Hinduism
But it is the Bible of Humanity."

"ગીતા" આજથી પાંચ હજાર વર્ષ પહેલા કુરુક્ષેત્રના રણાંગણમાં પ્રભુના મુખારવિંદમાંથી નીકળેલું અમૃતપાન છે. જેમાં અઢાર અધ્યાય અને સાતસો શ્લોકોનું ગાન છે. ગીતાનો મહિમા અનેરો છે. ઓછામાં ઓછી વિશ્વની સાઠથી સિત્તેર ભાષામાં ગીતાના ભાષાંતરો થયા છે . મનુષ્યના જીવનની સમસ્યાઓનો સાર એટલે ગીતા.

વેદ,ઉપનિષદના મહાન જ્ઞાનસાગરને ગીતાએ પોતાની નાનકડી ગાગરમાં સમાવી લીધો છે. "સર્વશાસ્ત્રમયી ગીતા" – ગીતામાં સર્વશાસ્ત્રનો સમન્વય છે. કોઈ પણ વિશિષ્ટ ધર્મ કે સંપ્રદાયના નાદમાં ન પડતાં ગીતાકારે માનવજીવનના ચિરંતન મૂલ્યોને ગીતામાં ગૂંથ્યાં છે.

ગીતાનો આરંભ જ મનુષ્યની સમસ્યાથી થાય છે કુરુક્ષેત્રના મેદાનમાં અર્જુનની સામે ધર્મ અને અધર્મનો પ્રશ્ન ન હતો પરંતુ યુદ્ધ કરવું તેનો ક્ષત્રિય ધર્મ હતો તેમ છતાં તે ધર્મસંકટની પરિસ્થિતિઓનો અનુભવ કરે છે. કારણ યુદ્ધમાં સામે પક્ષે પોતાના જ ભાઈઓ છે, જેની પાસેથી વિદ્યા મેળવી તેવા માનનીય ગુરુઓ છે, જેના ખોળામાં બાળપણ વિત્યું છે એવા ભીષ્મપિતામહ છે. યુદ્ધ કરવું તે તેનો ક્ષત્રિય ધર્મ હતો અને ભીષ્મપિતામહ અને ગુરૂ દ્રોણાચાર્ય જેવા આદરણીય વ્યક્તિનો આદર કરવો તેનો આદરણીય ધર્મ હતો. આ ધર્મસંકટમાંથી રસ્તો બતાવનાર જીવનગ્રંથ ગીતા છે. સાંપ્રત સમયમાં પણ મનુષ્યનું જીવન ડગલે ને પગલે આવી દ્વિધાઓનો અનુભવ કરે છે.

પ્રર્વતમાન સમયમાં આજના આધુનિક અરણ્યમાં માનવીએ સુખી થવા માટે આંધળી દોટ મૂકી છે આથી જ ગુજરાતી કવિ નિરંજન ભગત કહે છે કે ,- 'અરણ્ય , જન જ્યાં અગણ્ય પશુ હિંસ્ત્ર શા ઘૂમતાં'- ભૌતિક સુખની પાછળ પશુની જેમ દોટ મૂકી છે. ભૌતિક સુખની અનુભૂતિ તો કરી રહ્યો છે પરંતુ આંતરિક સુખ ગુમાવી બેઠો છે આવી સ્થિતિમાં મનુષ્યને સુખી કરવાની ચાવી એટલે ગીતા. વિશ્વશાંતિ મેળવવા માટે મનુષ્યએ તેના આંતરિક પાસાઓને સબળા કરવા પડશે. મનથી ગુણી અને પવિત્ર હોવું આવશ્યક છે.

ટેક્નોલોજીએ આજના યુગમાં હરણફાળ ભરી છે. જેના પ્રયોગથી માણસ ચંદ્ર પર જવાની ક્ષમતા ધરાવે છે પરંતુ આ ટેક્નોલોજી હજુ સુધી માણસના એક-મેકના મન સુધી પહોંચી શકી નથી. તેના માટે "ગીતા" એ ઉતમ ગ્રંથ છે યુવાધન એ આપણું ભારતીય ઘરેણું છે. યુવાનો ટેક્નોલોજીનો ઘણો ઉપયોગ કરે છે. ટેક્નોલોજીના ફાયદા-ગેરફાયદા પણ રહેલા છે. આજનો યુવાન વોટસપમાં વહેંચાયો છે, ટ્વિટરમાં ટેવાયો છે, ફેસબુકમાં ફસાયો છે, એન્ડ્રોઈડમાં અટવાયો છે અને સેલ્ફીમાં સપડાયો છે. આ ટેક્નોલોજીએ માનવથી માનવ સુધી પહોંચાડ્યો પરંતુ માનવના મન ,સંસ્કારો, સંસ્કૃતિનું દર્શન કરાવાનું ભૂલી ગયો. બાહ્ય સૌંદર્યનું મહત્વ વધ્યું અને આંતરિક સૌંદર્યનું મહત્વ ઘટ્યું. આજના યુવાનને સાચી દિશા બતાવનાર સંસ્કૃતિનું પાન કરાવનાર માત્ર જીવનગ્રંથ ગીતા છે.

જીવનનું ધર્મ , કર્મ, અને મર્મ સમજાવનાર ગ્રંથ ગીતા છે. આજે ભૌતિક સંપતિ જ સર્વશ્રેષ્ઠ છે. એવું માનવાવાળા બધા જ ધૃતરાષ્ટ્રો છે. કેવળ એક કાળે ધૃતરાષ્ટ્ર થઈ ગયો એવું નથી, પૈસા, વેપાર, ઉધોગ, ધંધો આ ભૌતિક સંપતિ જ શ્રેષ્ઠ છે એવું માનવાવાળા ધૃતરાષ્ટ્રો છે. ધૃતરાષ્ટ્રો હંમેશા આંધળા હોય છે. હજારો વર્ષોનો ઈતિહાસ એવો જ છે. જેમને કેવળ રાષ્ટ્ર પકડવાનું હોય તે લોકો આંધળા હોય છે. તેમની પત્નીઓ પણ આંધળી હોય છે. ગીતાનો સ્વાધ્યાય છૂટી ગયો એટલે આ સંસારના અર્ધાભાગમાં વ્યાપીને રહેલી સ્ત્રીઓની જમાત આંધળી થઈ ગઈ છે. એનું કારણ પુત્રમોહ અને ધણીના તાલ ઉપર નાચવું એમાં જ સ્ત્રી પોતાના જીવનનું સાર્થક્ય સમજે છે. જે દિવસથી સ્ત્રી આવું સમજવા લાગી તે દિવસથી સ્ત્રીને આંખો હોવા છતાં આંધળી થઈ ગઈ. ભૌતિક સંપતિને જ શ્રેષ્ઠ માનનાર ધૃતરાષ્ટ્રો અને આવી ગાંધારીઓના સંતાનો કેવા થાય? સંપતિના મોહમાં ડૂબેલા આવા ધૃતરાષ્ટ્રો અને ગાંધારી જેવા માતા-પિતાના બાળકો કેવાં હોય ?

આજે પણ આપણે સંપતિ માટેના ઝઘડા જોઈએ છીએ. જે આદિકાળથી ચાલ્યા આવે છે. કૌરવો અને પાંડવોનું યુદ્ધ એની સાક્ષી પુરે છે. આજે પણ સંપતિ માટે ભાઈ ભાઈ વચ્ચે ઝઘડા થાય છે. એક ભાઈ બીજા ભાઈના મૃત્યુનું કારણ બને છે. આવું ના બને તે માટે 'ગીતા' ગ્રંથ નથી પરંતુ જીવનની સમીક્ષાનું દર્શન કરાવતો મહાગ્રંથ છે.

દરેક પરિસ્થિતિમાં મનુષ્યનું મન ઉચાટ અનુભવે છે. આજે પણ માનવીનું જીવન ઉદ્વેગોથી ઘેરાયેલું છે. જીવન તત્વોનાં સંઘર્ષમાં અને જીવન-સિધ્ધાંતોના સંઘર્ષમાં સતત ચંચળતા આવી જ જાય છે. આ રોજના જીવનનો અભ્યાસ છે. જે-તે સમયમાં જે-તે પરિસ્થિતિમાં દરેક માનવી આજના જીવનમાં ઉચાટની અનુભૂતિ કરે છે. જો મનુષ્ય ફળની આશા રાખ્યા વગર કર્મ કરે તો એક નવી જ સૃષ્ટિ સર્જાય છે. ગીતાનો આ સંદેશ મનુસ્યાના જીવનની જડીબુટ્ટી સમાન છે.

અર્જુનની એક તાત્વિક ભૂમિકા છે. અર્જુનને કહેવું છે કે કર્મની ભૂમિકામાં પ્રેરણા શી? સુખ વૈભવ કે રાજ્ય જો કર્મની પ્રેરણા હોય તો તે મારે નથી જોઈતાં. સંસારમાં શિષ્યના વિતનું હરણ કરનારા ગુરુઓ તો ઘણાય હોય છે. પણ શિષ્યના ચિત્તના દોષોનું હરણ કરે તેમને દૂર કરી દે તેવા ગુરુઓ તો જવલ્લેજ જોવા મળે છે.

દરેક મનુષ્ય કર્મ શા માટે કરે છે? સ્વાર્થ હોય તો કરે. આમાં કર્મમાં સ્વાર્થની ભૂમિકા હોય –

"यदा यदाचरित श्रेष्ठ्स्ततवेतरो जनः।
स यत्प्रमाण कुरुते  लोकस्तदनुवर्तते ॥"

(अध्याय-3)

અર્થાત મહાપુરુષ જે-જે આચરણ કરે છે તેનું અનુકરણ સામાન્ય મનુષ્યો કરે છે. અને ઉદાહરણરૂપ આચરણના દ્વારા તે જે આદર્શ પ્રસ્થાપિત કરે છે તેનું સમગ્ર જગત અનુસરણ કરે છે.

સામાન્ય જનતાને હંમેશા એક એવા નેતાની જરૂર હોય છે. કે જે વ્યવહારૂ આચરણ દ્વારા લોકોને બોધ આપી શકે છે. ભગવાન ચૈતન્યે કહ્યું છે કે શિખામણ આપતા પહેલા ગુરુ અર્થાત શિક્ષકે પોતાનું આચરણ શુદ્ધ કરવું પડે આજે આપણે જ જોઈએ છીએ નેતાઓ વ્યસન મુક્તિની વાતો કરતાં હોય છે પરંતુ પોતે જ વ્યસનથી મુક્ત હોતા નથી. જીવન જીવવાની સાચી શૈલી આપણને ધર્મગ્રંથ ગીતામાંથી મળી રહે છે.

સર્વ અવતારમાં મનુષ્ય અવતાર શ્રેષ્ઠ ગણાયો છે. એવું ગુજરાતી આદિકવિ નરસિંહ મહેતા એ પણ તેમનાં ભજનોમાં ગાયું છે. કારણ મનુષ્ય એક એવું પ્રાણી છે. કે જેની પાસે મતિ અને વાચા છે. આ મનુષ્ય આજે કૂતરા-બિલાડાંની જેમ લડવા માટે નિર્માયેલો નથી. મનુષ્યે તેના જીવનના ઉદ્દેશને જાણવો જોઈએ પોતાના કુટુંબ, સમાજ અને રાષ્ટ્ર પ્રત્યે પોતાની ફરજ શું છે તે અદા કરવી જોઈએ કામ , ક્રોધ , મોહ , અને માયાથી ઘેરાયેલો આજનો મનુષ્ય પોતાનું કર્તવ્ય ચૂકી ગયો છે. પોતાના કર્મનું ભાન કરાવનાર જીવનગ્રંથ ગીતા છે.

માનવી અસંખ્ય જરૂરિયાતવાળું પ્રાણી છે. પોતાની જરૂરિયાતો સંતોષવા તે પ્રવૃતિઓ કરે છે; ગીતામાં કહે છે - "માત્ર લીધા જ કરવું એ પાપ છે. આપીને લેવું એ જ લેવાની સર્વોત્તમ રીત છે."

સ્વાર્થ અને પરાર્થ એ બે માનવ પ્રવૃતિઓના મુખ્ય હેતુઓ છે. ઘણી વખત આપણે વિચારીએ છીએ કે પરાર્થે જીવવું એ સારું છે. એમ તો બધે જ કહેવામાં આવે છે પણ પરાર્થ સ્વાર્થ કરતાં શા માટે સારો છે. ગીતાની યજ્ઞભાવના એ સમજાવે છે કે પરાર્થમાં જ 'સ્વ' નો ઉત્કર્ષ છે.

'સ્વ' ના અત્યંત સંકીર્ણ ચોકઠામાં જીવ્યા કરવું એ પશુતા છે. આમ. યજ્ઞભાવના એટલે પરાર્થમાં સ્વાર્થનું વિલીનીકરણ.

શ્રી તિલક કહે છે કે- 'વર્ણ, જાતિ દેશ કે અન્ય કોઈ ભેદના ઝઘડામાં પડ્યા વિના ગીતા સૌને સમાન સમજે છે.'

મહાભારતનો ભીષણ રણસંગ્રામ વસ્તવમાં સદ અને અસદ એવી બે વૃતિઓ વચ્ચેનું જ યુધ્ધ છે. પાંડવો અને કૌરવો તેના પ્રતીકો છે. કુરુક્ષેત્રનું મેદાન એ સમગ્ર માનવ જાત માટેની કર્મભૂમિરૂપ સંસાર છે. અર્જુન સમગ્ર માનવતાનો પ્રતિનિધિ છે અને તેના સારથી રૂપે રહેલા અવતારી પુરુષ શ્રી કૃષ્ણ પરમાત્માનું જ પ્રગટ રૂપ છે. ગીતા ધર્મ શબ્દને ત્રણ અર્થમાં વાપરે છે.

"धर्मे नष्टे कुल क्रुत्स्नधर्माड्भिभ्वत्युत ।"

-મુજબ હંમેશની ચાલી આવતી કુળની મર્યાદાઓ, રીતિઓ અને પરંપરાને ગીતામાં ધર્મ કહ્યો છે.

મહાભારતના યુદ્ધમાં એક પ્રસંગે પૃથ્વીમાં ગળી ગયેલા રથના ચાક ઉપાડીને ઉપર લેવા માટે કર્ણ રથ ઉપરથી નીચે ઉતર્યા ત્યારે અર્જુન તેનો વધ કરવા ઉદ્યત થયો તે જોઈને "શત્રુ નિ:શસ્ત્ર હોય તે વખતે તેને મારવો તે યુદ્ધ ધર્મ નથી". - એવું કર્ણે કહ્યું તે વખતે શ્રીકૃષ્ણ દ્રૌપદીવસ્ત્ર હરણ અથવા સર્વે મળીને એકલા પડેલા અભિમન્યુનો કરેલો વધ એ વગેરે પાછલી વાતો કાઢીને તે હરેક પ્રસંગે 'क्व ते धर्मस्तदा गत:।' - એમ 'ધર્મ' શબ્દનો પ્રયોગ કરી તારો ધર્મ તે વખતે ક્યાં ગયો હતો? એમ કહી આવા પ્રકારનો અધર્મ કરનાર પ્રત્યે ન્યાયથી શાસન કરવાનું બતાવ્યું છે.

આજના સમયમાં પણ આપણે આવું જ જોઈએ છીએ. જ્યારે પોતાના પર આવે ત્યારે અધર્મ ભર્યું વલણ પણ ચાલે છે. પરંતુ બીજાનું આવે ત્યારે ધર્મ, સત્ય, નીતિ નિયમોની વાતો કરીએ છીએ. દરેક પરિસ્થિતિમાં માણસ પોતાની જાતને ત્યાં રાખીને વિચારશે તો ન્યાય , અન્યાય ધર્મ- અધર્મ , સત્ય-અસત્યના પ્રશ્ન અલ્પ પ્રમાણમાં રહેશે.

આમ પોતાની વિકટ પરિસ્થિતિ દ્વારા માનવમાત્રના જીવનની કટોકટીનો અર્જુનના પાત્રમાં પડઘો પડતો હોઇ એ પરિસ્થિતિનો ગીતાએ આપેલો ઉકેલ સનાતનકાળ માટે માનવજાતિને સ્પર્શે તો સાર્વત્રિક ઉપદેશ બની રહે છે.

"શ્રીમદભગવદગીતા" એ ધર્મગ્રંથથી પર જીવનગ્રંથ સાર્થક થાય છે. મનુષ્યની મૂંઝવણો દૂર કરનારું સાધન છે. મનુષ્યને સાચો માર્ગ બતાવનાર માર્ગદર્શક છે. આમ સર્વગ્રંથોમાં ગીતા એ ઉત્તમ જીવનગ્રંથ છે.

સંદર્ભસૂચી :-


- ગીતા-પ્રવચનો => વિનોબા ભાવે
- શ્રીમદભગવદગીતા => સં. ડો. શાન્તિકુમાર એમ. પંડ્યા
- શ્રી અરવિંદની દ્રષ્ટિએ ગીતાનો દિવ્ય સંદેશ => ડો.હ.મહેશ્વરી
- શ્રીમદભાગવદગીતા=> ડો. સુહાસ ઝાલા
- गीतामतम